ગાંધીનગર સમાચાર

ઍમ બી પટેલ સ્કૂલની સિદ્ધિ

માણસા ખાતે આયોજિત સ્વતંત્રતા દિવસ સમારોહમાં ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલના બે વિદ્યારથીઓને કલેક્ટર અને મહાનુભાવોના હસ્તે પ્રશસ્તિપત્ર પ્રાપ્ત થયાં હતાં. હંસલ પરાગકુમાર શાહ અને કીર્તન જશવંતકુમાર પટેલને ૬ ઉમી નેશનલ સ્કૂલ ગેમ્સ અંતર્ગત ટેબલ ટેનિસ સ્પર્ધામાં ભાગ લઈ મેડલ જીતવા બદલ આ પ્રશસ્તિપત્ર પ્રાપ્ત થયાં હતાં. શાળા પરિવાર દ્વારા બંને વિદ્યાર્થીઓને સિદ્ધિની બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

સ્વતંત્રતા દિવસની તાલુકા કક્ષાની ઉજવણી પ્રસંગે ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલનાં શિક્ષક ડૉ. વર્ષા બી પારેખને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ડૉ. વર્ષાબેન સતત ૨૦ વર્ષથી જિલ્લાના વિવિધ કાર્યક્રમોમાં અને રાષ્ટ્રીય કાર્યક્રમોમાં ઉદ્‌ઘોષકની ભૂમિકા ભજવી રહ્યાં છે. તેમની સક્રિયતા અને પ્રવૃત્તિઓની સમર્પિતતાને બિરદાવતાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ધારાસભ્ય શંભુજી ઠાકોરના હસ્તે તેમને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. સમગ્ર શાળા પરિવારે ડૉ. વર્ષાબેનની આ સિદ્ધિઓને બિરદાવી તેમના પ્રત્યે અભિનંદનનો પ્રવાહ વહાવ્યો છે.

૭૨મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે રાજભવન ખાતે આયોજિત ધ્વજવંદનના કાર્યક્રમમાં ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના દસ વિદ્યાર્થીઓ અને એઍફઍસ અંતર્ગત વિદેશથી અહીં અભ્યાસાર્થે આવેલા બે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રાજ્યપાલ ઓ પી કોહલીએ જાપાનથી આવેલા વિદ્યાર્થી ઇપો અને ટર્કીથી આવેલા કાનને વ્યક્તિગત રીતે મળીને શુભકામનાઓ પાઠવી હતી. વિદ્યાર્થીઓ સાથે આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન અને શિક્ષક સુપરવાઈઝર યોગેન્દ્ર ચૌહાણે પણ આ ઉજવણીમાં ભાગ લીધો હતો.

સોશિયલ મીડિયા.કોમ

ગામડાંમાં લીમડા ઘટતા જાય છે ને ઘરમાં કડવાશ વધતી જાય છે. અને હોઠો પરથી સ્યુગર ઘટી છે ને લોહીમાં વધી છે.

•

મંદિરોમાં પણ સીસીટીવી મુકાયા છે. અજબ જમાનો આવ્યો છે ! આખી દુનિયાનું ધ્યાન રાખવાવાળાનું ધ્યાન માણસો રાખે છે.

•

કદર સમય વિત્યા પછી થાય તો એને કદર નહીં અફસોસ કહેવાય.

•

જિંદગીની સફરમાં અનેક લોકો મળે છે. કોઈ આપણો ફાયદો ઉઠાવે છે અને કોઈ આપણને આધાર આપે છે. ફાયદો લેનારા લોકો મગજમાં રહે છે અને આધાર આપનારા લોકો હૃદયમાં બિરાજે છે.

•

સમયને નહીં ખરીદી શકાય

એક ખિસકોલી રોજ પોતાના કામ પર સમયસર આવતી હતી અને પુરી મહેનત અને ઈમાનદારી થી કામ કરતી હતી.

ખિસકોલી જરૂરત થી વધારે કામ કરીને પણ ખુબ ખુશ હતી. કેમ કે તેનો માલિક, જંગલ નો રાજા સિંહે તેને દસ બૉરી અખરોટ આપવાનો વાયદો કરી રાખ્યો હતો.

ખિસકોલી કામ કરતાં કરતાં થાકી જતી હતી તો મનમાં વિચાર આવી જતો કે લાવ, થોડો આરામ કરી લઉં, તરત જ યાદ આવી જતું કે સિંહ તેને દસ બૉરી અખરોટ દેવાનો છે. તે પાછી કામ પર લાગી જતી ! તે જ્યારે બીજી ખિસકોલીઓ ને રમતા જોતી તો તેને પણ રમવાનું મન થઈ આવતું, પણ અખરોટ યાદ આવી જતાં અને પાછી કામ પર.....!

એવું નહોતું કે સિંહ તેને અખરોટ દેવા નથી માંગતો, સિંહ બહુ ઈમાનદાર હતો.

આમ જ સમય વિતતો રહ્યો.....

એક દિવસ એવો આવ્યો કે સિંહ રાજાએ ખિસકોલી ને દસ બૉરી અખરોટ આપી આઝાદ કરી દિધી.

પણ... ખિસકોલી અખરોટ ની પાસે બેસી વિચાર કરવા લાગી કે હવે અખરોટ મારે શું કામ ના ?

આખી જિંદગી કામ કરતાં કરતાં દાંત તો ઘસાઇ ગયા, આને ખાઇશ કઇ રીતે ! ! !

આ વાત આજ જીવન ની હકીકત બની ગઇ છે ! મનુષ્ય પોતાની ઇચ્છાઓ નો ત્યાગ કરે છે, પુરી જિંદગી નોકરી, વ્યાપાર અને ધન કમાવા માં વિતાવી દે છે ! ૬૦ વરસ ની ઉમરે જ્યારે તે સેવાનિવૃત થાય છે, તો તેને ફંડ મળે છે, અથવા તો બેંક બેલેંસ હોય તેને ભોગવવા ની ક્ષમતા ખોઇ ચૂક્યો હોય છે.

ત્યાં સુધી માં જનરેશન બદલાઇ ગઇ હોય છે. કુટુંબ ચલાવવા વાળી નવી પેઢી આવી ગઇ હોય છે.

શુ આ નવી પેઢી ને તે વાત નો અંદાજ આવી શકે કે આ ફંડ, બેંક બેલેંસ ના માટે કેટલી બધી ઇચ્છાઓ મારવી પડી હશે ? કેટલાં સ્વપ્ન અધૂરા રહ્યા હશે ?

શું ફાયદો એવી બેંક બેલેંસનો, જે મેળવવા માટે પુરી જિંદગી લાગી જાય અને મનુષ્ય તેને, પોતાના માટે ભોગવી ના શકે ! ! !

આ ધરતી પર કોઇ એવો અમીર હજી સુધી પેદા થયો નથી જે સમયને ખરીદી શકે !

એટલાં માટે હર પળે ખુશ થઇ જીવો, વ્યસ્ત રહો, પણ સાથે 'મસ્ત' રહો, સદા સ્વસ્થ રહો....

ગમતી બધી વ્યક્તિ ઓ સાથે મનભરીને જીવી લો..

દરેક ક્ષણ ને બેશુમાર રીતે પામી લો ...

દરેક સબંધ ને ઉજવી લો....

તમારા હોવા ને ઉત્સવ બનાવી લો ...

શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના

એન. એસ. એસ યુનિટ દ્વારા રૂમ સુશોભન હરીફાઈ

ગાંધીનગર, તા. ૧૯

શ્રી અખિલ અંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના એન. એસ. એસ. યુનિટ દ્વારા ૧૫ ઓગસ્ટના સ્વાતંત્ર પર્વ નિમિત્તે રૂમ સુશોભનની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા અંગે જાગરૂકતા આવે અને કોલેજ માટે પોતાના ઘર જેવો ભાવ ઉત્પન્ન થાય તે આશય થી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. વિદ્યાર્થીનિઓ દ્વારા પહેલાં રૂમની સફાઈ કરવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓ દ્વારા રૂમ સુશોભન માટે માત્ર ઈકો ફ્રેન્ડલી વાસ્તુઓનો ઉપયોગ કરાયો હતો. આ સ્પર્ધામાં સે. ૩ અંગ્રેજી પ્રથમ, હોમસાયંન્સ દ્વિતીય અને સે. ૩ ગુજરાતી ની વિદ્યાર્થીનીઓ તૃતિય સ્થાને આવી હતી. મનોજભાઈ શુક્લ અને બી. સી. એ કોલેજના આચાર્ય પ્રશાંતભાઈ વાઘેલાએ નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી. સમગ્ર આયોજન માટે પ્રમુખશ્રી હરિભાઈ ચૌધરી અને તમામ મેનેજમેન્ટના સભ્યોએ એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર ડો. નરેન્દ્રભાઈ પટેલ અને વિદ્યાર્થીનીઓને અભિનંદન આપ્યા હતા.

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થિનીઓએ ભાડજ અને હોમ ટાઉનની અભ્યાસ મુલાકાત લીધી

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, ગાંધીનગરમાં અભ્યાસરત બીએ હોમ સાયન્સની વિદ્યાર્થિનીઓએ ભાડજ અને હોમ ટાઉનની અભ્યાસ મુલાકાત લીધી હતી. અક્ષયપાત્ર ફાઉન્ડેશનના મનોજભાઈ પંડ્યાએ બાળકોના સમતોલ આહાર અને પોષણક્ષમ આહાર ઉપરાંત વિવિધ મશીન્સ વિશે વિગતે માહિતી આપી હતી. કાર્યક્રમનું આયોજન આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરીના માર્ગદર્શનમાં અધ્યાપક ડૉ. સજ્જનબેન ચૌધરી, ડૉ. હેમાંગિની વાઘેલા અને મનીષાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

નવાપરા બોરીજ સરકારી શાળામાં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૯

નવાપરા બોરીજ સરકારી પ્રાથમિક શાળામાં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં કોર્પોરેટર લલિતાબેન ઠાકોરના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. દાતા રાજુજી ઠાકોર તરફથી બાળકોને કંપાસ, નોટબૂક, દેશી હિસાબ તથા ચૉકલેટ આપીને બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

ઍસઍમસી અધ્યક્ષ સુરસંગજી ઠાકોર, વાઘાજી ઠાકોર, મુખ્ય શિક્ષક અમૃતલાલ દવે અને શિક્ષકોએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું.

ઍમ બી પટેલ કન્યા સ્કૂલમાં વાલીચિંતન બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલમાં ધોરણ-૧ અને ૨ના વિદ્યાર્થીઓના વાલીઓ સાથે એક ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. મદદનીશ શિક્ષક જયશ્રીબેન પટેલે વાલીઓને સંબોધન કર્યું હતું અને તેમના પાલ્યના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થવા ઉપયોગી સૂચનો કર્યાં હતાં. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનારી વિદ્યાર્થિનીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

સરકારી વિનયન કૉલેજ ખાતે 'રૂસા' તાલીમ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન

સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર દ્વારા અવાર-નવાર વિદ્યાર્થીઓના કરિયરને લગતા તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. રૂસા અંતર્ગત વિવિધ તાલીમ કોર્ષ જેવા કે બ્યુટી થેરાપીટ્સ, ઈલેક્ટ્રિશયન, રિટેલ અને સેલ્સ માર્કેટિંગ અંતર્ગત સતત ૩ મહિના સુધી તાલીમ આપવામાં આવશે. કાર્યક્રમના ઉદઘાટનમાં કરવામાં આવ્યું. જેમાં કોલેજના આચાર્યશ્રી ડો.હિમ્મત ભાલોડીયા દ્વારા વિદ્યાર્થીઓને તાલીમનું મહત્વ અને ઉપયોગીતા વિષે માહિતી આપવામાં આવી. અદાણી સ્કીલ ડેવલોપમેન્ટ સેન્ટરના મેનેજર શ્રી.રૂપેશસિંઘ, તાલીમ કોર્ષના ટ્રેનર, અધ્યાપકો તેમજ બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

લોહાણા યુવા સંગઠન દ્વારા

આદર્શ નિવાસી શાળામાં સ્કૂલ બેગ વિતરણ

ગાંધીનગર, તા. ૧૯

આદર્શ નિવાસી કન્યા શાળા, સેક્ટર-૮ ખાતે લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા કુલ ૧૬૬ વિદ્યાર્થિનીઓને સ્કૂલ બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંસ્થા વતી નિલેશ પુજારા, પાર્થ ઠક્કર અને યુવા સંગઠનના મિત્રો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય જે એલ રાવલ દ્વારા સંગઠન પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે લોહાણા યુવા સંગઠન દ્વારા સમાજના યુવાનોના સર્વાંગી ઉત્કર્ષ માટેની પ્રવૃત્તિઓ ઉપરાંત સેવાકીય પ્રવૃત્તિઓ પણ વર્ષભર હાથ ધરવામાં આવે છે, જે અંતર્ગત આ કાર્યક્રમ હાથ ધરાયો હતો.

સ્વતંત્રતા દિવસની તાલુકા કક્ષાની ઉજવણી પ્રસંગે ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓએ પરેડ બેન્ડમાં જમાવટ કરી સૌનાં દિલ જીતી લીધાં હતાં. વિદ્યાર્થીઓએ આકર્ષક યુનિફોર્મ સાથે તાલબદ્ધ પરેડ પ્રસ્તુત કરી, વિવિધ આકારો બનાવીને પ્રેક્ષકોની ભરપૂર વાહવાહી પ્રાપ્ત કરી હતી.

ઉલ્લેખનીય છે કે આ વિદ્યાર્થીઓએ પોતાના કૌશલનું પ્રદર્શન અગાઉ મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી સમક્ષ પણ કર્યું છે. અને વિદ્યાર્થીઓનું આ બેન્ડ ૧૦ કિમી ચાલવાની ક્ષમતા ધરાવે છે.

સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં આ સુંદર પ્રદર્શન બદલ વિદ્યાર્થીઓના માર્ગદર્શક શિક્ષક નદીમ મેમણ અને વિદ્યાર્થીઓને ધારાસભ્ય શંભુજી ઠાકોર અને પ્રાંત અધિકારીના હસ્તે ટ્રૉફી અને પ્રમાણપત્ર એનાયત કરી બિરદાવવામાં આવ્યા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલની ૩૮ વિદ્યાર્થિનીઓએ નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ડૉ. વિક્રમ સારાભાઈના જન્મદિન નિમિત્તે આયોજિત બાળસંસદમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે બાળ વૈજ્ઞાનિકોએ પોતાને ગમતા વૈજ્ઞાનિકની વેશભૂષા ધારણ કરીને વક્તવ્યો રજૂ કર્યાં હતાં. સ્કૂલની વિદ્યાર્થિની દૃષ્ટિ હિતેશકુમાર જયસ્વાલે 'કલ્પના ચાવલા'ની ભૂમિકા ભજવી દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા અને તૃતિય વિજેતા ક્રમ પ્રાપ્ત કરી રોકડ પુરસ્કાર પણ પ્રાપ્ત કર્યો હતો. દૃષ્ટિને આ અંગેનું માર્ગદર્શન શિક્ષક સ્મિતાબેન એસ જોષી દ્વારા આપવામાં આવ્યું હતું. આચાર્ય નીરૂબેન જે પટેલે ભાગ લેનાર અને વિજેતા બનનાર વિદ્યાર્થિનીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

યુવાનોને સ્ટાર્ટ-અપ દ્વારા સફળતા માટે આહ્વાન : 'સફળતાની સૌરભ'



માતા-પિતા પોતાના બાળકના ભવિષ્યઘડતર માટે કંઈક ને કંઈક અરમાનો બાંધી રહ્યા છં. આપણી લોકશાહી સરાકર તે તરફ ગતિ કરે છે. વિજ્ઞાન-ટૅકનોલૉજીનો ઉપયોગ કરી માણસોને વધુ રોજગારી આપવા સરકારના પ્રયત્નો છે. વસતીનો વધારો થતાં સગવડોથી વધીને જીવાતા જીવનમાં પર્યાવરણના પ્રશ્નો ઊભા થાય છે. તેનો ઉકેલ મેળવી આગળ વધવાના પ્રયાસો થઈ રહ્યા છે. ધર્મના નામે થતાં આક્રમણો, સત્તાઓ પ્રસ્થાપિત કરવા ભૂમિ મેળવવા આવું બધું અગાઉથી ચાલ્યું આવે છે. વૈજ્ઞાનિક શોધખોળોનો વિનાશકારી અને ઝેરી ઉપયોગ કરવો એ બીજા વિશ્વયુદ્ધમાં જોવામાં આવ્યું છે. તે પછી વિશ્વના ડાહ્યા માણસોએ વિજ્ઞાનનો ઉપયોગ માનવીના સુખ, ઉત્કર્ષ માટે થાય તે અંગે યુનો જેવી સંસ્થા સ્થાપી. આપણી સફળતાનાં સોપાન કેવા પ્રકારનાં છે તેમાં માનવીના આનુવંશિક વારસાને ધ્યાને લેવો પડે. આજુબાજુનું વાતાવરણ પણ અસર કરે. ત્યારે ભારતનો માનવી કઈ રીતે ધાર્યાં અરમાનોને સાંખી શકે તે અંગેનાં વિવિધ પાસાઓની છણાવટ કરતી આ નાનકડી પુસ્તિકાની વાત કરવી છે.

'સફળતાની સૌરભ' ગુજરાતી લોકસાહિત્યકાર શિવદાન ગઢવીની આ પુસ્તિકામાં સફળતા સાથે સંસ્કારના સંદર્ભોને જોડતા ૧૬ જેટલા લેખો આપણને મળે છે. તેની પ્રસ્તાવનામાં લેખકે એ વાત સ્પષ્ટ કરી છે કે ઉગતો યુવાન કઈ રીતે એની સિદ્ધિને પહોંચી શકે ? એમાંથી સૌરભ કઈ રીતે મેળવી શકાય ? એ પ્રશ્ન એની સામે અને એના માબાપ સામે આવે છે. વિદેશ કરતાં આપણી સંસ્કૃતિ તદ્દન જુદી છે. ભારતની કુટુંબ વ્યવસ્થા જોઈને માનવી અભિભૂત થાય છે. 'હાય... હેલ્લો' શબ્દો ઉચ્ચારીને આગળ વધેલા આ ભૂમિના માણસો નથી. સામુહિક જીવન, કુટુંબ વ્યવસ્થાની ગરિમા 'નમસ્કાર' શબ્દમાં ઊભી થતી હૃદયોર્મિ, ભાઈચારાની ભાવના, એની જાળવણી કરીને પ્રગતિ કરવાની છે. એકબીજાની હૂંફ મળતી રહે. જીવન હર્યુંભર્યું બને, વૈજ્ઞાનિક અભિગમ વિકસાવી ઋદ્ધિગત વિચારધારામાંથી બહાર આવી સફળતા મેળવવાની છે. સંતો-મહંતો-મુનિઓનો પંથ તો અલગ છે. એના તરફની છણાવટ એક અલગ વાત છે.

આપણી સફળતા માટેનાં સોપાન કેવા પ્રકારનાં છે તેમાં માનવીના આનુષંગિક વારસાને ધ્યાને લેવો પડે. તેમાં આજુબાજુનું વાતાવરણ પણ અસર કરે છે. ઉદ્યોગમાં સફળતા પ્રાપ્ત કરતા ગુજરાતીઓ તેમજ દેશના માણસો તરફ નજર કરીશું તો તેઓ તેમના ક્ષેત્રે પ્રથમથી જ પારંગત હતા તેવું બન્યું નથી. વેપારમાં નવી દિશાઓ ખૂલી છે. એક નવા વિચારને સાકાર કરવા દેશવાસીઓને, યુવાનોને 'સ્ટાર્ટ-અપ'ના નામે પ્રેરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તેના માટે શ્રદ્ધા અને ધ્યેય, વ્યવસાય પસંદગી, ને વિશ્વા, પરિશ્રમને અગ્રતા, વૈજ્ઞાનિક અભિગમ અપનાવવો જેવી બાબતોને અહીં લેખો દ્વારા મૂકી તેના તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે. તો સાથે સાથે સાંસારિક જીવનમાં સંવાદિતા સાધવાની, વાણી અને વર્તન યોગ્ય રાખી માનવીનાં દિલ જીતવાની, માનસિક શાંતિ મેળવવા શું કરી શકાય તે અંગેના માર્ગદર્શન સાથે જીવન અનુભવનું અમૃત તેમજ જીવનપથને ઉજાળતા ચારણી લોકસાહિત્યના રચયિતા પદ્મશ્રી દુલા ભાયા કાગની કાગવાણીમાંથી દુહાઓ પણ અહીં આપવામાં આવ્યા છે. એ રીતે લેખકે પ્રેરક ઘટનાઓ, સત્યો, અનુભવોને બોલોતા કર્યાં છે.

આ પુસ્તિકામાંથી પસાર થતા વાચકને એમ લાગ્યા વિના રહેશે નહીં કે અરમાનો, સ્વપ્ન સાકાર થાય છે. આત્મશ્રદ્ધાના બળથી, આપણી આ ધરતી પ્રેરક છે, તે વિદેશના વિચારકોથી નહીં પણ આપણી આ ભૂમિના અભણ માનવીમાં રહેલા ઉન્નત વિચારોથી, બુદ્ધિશાળી માણસોના અનુભવોથી અને જેમાં માનવોમાં રહેલી કોઠાસૂઝ અને પ્રાચીન ગ્રંથોના સનાતન સત્યોને અનુસરવાથી નવી આશા જગાડી, ચેતના પ્રગટાવી, સફળતાના શિખર તરફ જઈ શકાય. લેખકની આ શુભ ભાવનાને જોતાં સફળતા સૌરભ ફેલાવવાના આ પ્રયત્નને શુભેચ્છા પાઠવું છું.

સફળતાની સૌરભ (લેખો), લેખક : શિવદાન ગઢવી
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી, ૨૦૧૮, કિંમત : રૂા. ૧૧૦/-